For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગજેરા બંધુ સામે ૧૯૨૮ કરોડની ઠગાઈનો ગુનો

શાંતિ રેસિડેન્સીના ડિરેક્ટરોએ બોગસ સહીઓ કરી પ્રવીણ અગ્રવાલનો ૪૩ ટકા હિસ્સો ઘટાડી માત્ર ૪.૦૨ ટકા કરી નાખ્યો હતો

પિતા અને પત્નીની પણ બનાવટી સહીઓ કરી હોવાનો આક્ષેપ

હેન્ડરાઈટિંગ એક્સપર્ટના રિપોર્ટમાં સ્પષ્ટ થયું છે કે પ્રવીણ અગ્રવાલ, તેમના પત્ની અને પિતાની સહીઓ આરોપી રાકેશ ગજેરાએ કરી હતી

સુરતઃ સુરતના હીરા ઉદ્યોગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા ગજેરા બંધુઓ સામે સુરત ક્રાઈમ બ્રાન્ચમાં રૂ. ૧૯૨૮ કરોડની છેતરપિંડી, વિશ્વાસઘાત અને ફોર્જરીની ગંભીર ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. શાંતિ રેસિડેન્સી પ્રા. લિમિટેડના ડિરેક્ટર પ્રવીણ દેવકીનંદન અગ્રવાલે વસંત ગજેરા, ચુની ગજેરા સહિત પરિવારના સભ્યો સામે આક્ષેપ કર્યો છે કે, પ્રોજેક્ટમાં

અનુસંધાન પાના ૫ પર

બોગસ ડિજિટલ સહીનો ઉપયોગ કરી ડિરેક્ટર પદેથી હટાવી દીધા હતા

અરજદારે જણાવ્યું છે કે નવા ઇક્વિટી શેર ઓફર કરતી ચીઠ્ઠીઓ અને રીનાઉન્સિએશન ફોર્મ પર તેમની, તેમની પત્ની તથા પિતાની ખોટી સહીઓ કરી શેર અન્ય વ્યક્તિને એલોટ કરવામાં આવ્યા. તેમજ તા. ૦૧/૦૧/૨૦૧૫નું ડાયરેક્ટર પદેથી રાજીનામું બતાવતું પત્ર પણ બોગસ સહીથી તૈયાર કરી Registrar of Companies (ROC) સમક્ષ ફોર્મ DIR-11 મારફતે અપલોડ કરાયું હોવાનો આક્ષેપ છે.ફોરેન્સિક તપાસ માટે દસ્તાવેજો ગાંધીનગરની ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ લેબમાં મોકલાયા હતા. અરજદાર મુજબ, હેન્ડરાઈટિંગ રિપોર્ટમાં કેટલીક સહી ચોક્કસ વ્યક્તિ દ્વારા કરાયેલી હોવાનું નિષ્કર્ષ આવ્યું છે.

આ લોકો સામે ફરિયાદ કરવામાં આવી

ચુનીભાઇ હરીભાઇ ગજેરા (રહે. ૬૭, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત) વસંતભાઇ હરીભાઇ ગજેરા (રહે. ૧, વૃષાલનગર સોસાયટી, કતારગામ, સુરત) અશોક હરી ગજેરા (રહે. ૩૧, કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ, જી.બી. ખેર રોડ, મુંબઈ) રાકેશભાઈ ગીરધરલાલ ગજેરા (રહે. આહુજા ટાવર, પ્રભાદેવી, મુંબઈ અને હોંગકોંગ) બકુલભાઈ હરીભાઈ ગજેરા (રહે. ૧, વૃષાલનગર સોસાયટી, કતારગામ, સુરત) હિતેષભાઈ રમેશભાઈ પરદેશી (CS) (રહે. મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, વાપી, વલસાડ) ગૌતમ પ્રજાપતિ (n CODE SOLUTIONS ના સુરત સ્થિત ડીલર) કંપનીના અન્ય મળતિયા શેર હોલ્ડરો અને તપાસમાં નીકળે તે તમામ.

ગજેરા બંધુ સામે સાત ગુના નોંધાયા છે

ગજેરા બંધુઓ સામે અગાઉ પણ વિવિધ પોલીસમથકોમાં ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ સૂત્રો જણાવે છે. કતારગામ પોલીસ સ્ટેશનમાં ચાર, ઉમરા પોલીસ સ્ટેશનમાં બે તેમજ ડીસીબીમાં પણ ગંભીર પ્રકૃતિના ગુનાઓ નોંધાયા હોવાનું બહાર આવ્યું છે.

ઈડીની તવાઈ, મની લોન્ડરિંગ કેસમાં ખાસ તપાસ

આર્થિક અનિયમितતાઓના આરોપો વચ્ચે ગજેરા પરિવાર સામે મની લોન્ડરિંગ મામલે પણ તપાસનો ઘેરાવો વધ્યો છે. ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સ્પેશિયલ કેસ નોંધવામાં આવ્યો હોવાનું સૂત્રો જણાવે છે. મુંબઈ ઝોનલ કચેરીએ આ કેસ દાખલ કર્યો હોવાનું જાણવા મળે છે, જેનાથી તેમના આર્થિક વ્યવહારો પર કેન્દ્રીય એજન્સીઓની નજર હોવાનો સંકેત મળે છે. શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ, સંપત્તિ અને ફંડ ટ્રાન્ઝેક્શન અંગે દસ્તાવેજી ચકાસણી ચાલી રહી હોવાનું કહેવાય છે. જો આરોપો સાબિત થાય તો કાયદા મુજબ કડક કાર્યવાહી શક્ય બને છે. હાલ તપાસ એજન્સીઓ દ્વારા નાણાંના સ્રોત અને વ્યવહારોની કડી જોડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

ધમકીઓનો દબદબો, ફરિયાદી પર માનસિક દબાણ

કૌભાંડની હકીકત સામે આવતાં જ ફરિયાદીએ વિરોધ નોંધાવ્યો તો ગજેરા બંધુઓએ આક્રમક વલણ અપનાવ્યું હોવાની ચર્ચા છે. ફરિયાદ મુજબ, તેમને ખોટા ગુનામાં ફસાવી આખી જિંદગી જેલમાં ધકેલી દેવાની ધમકી આપવામાં આવી હતી. એટલું જ નહીં, જો મામલો પોલીસ સુધી પહોંચશે તો પરિવાર સમેત ગંભીર અંજામ ભોગવવો પડશે તેવી ચેતવણી પણ અપાઈ હતી. સતત મળતી ધમકીઓથી ફરિયાદી તથા તેમના પરિવારજનોમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. માનસિક દબાણ ઊભું કરી મામલો દબાવવા પ્રયાસ થયો હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. હાલ

અનુસંધાન પાના ૫ પર

બિહારનો ખૂંખાર નક્સલવાદી સુરતના સચિનમાં રહેતો હતો

દમણ પોલીસે ડાભેલમાંથી ઝડપી લીધો

હથિયારોની હેરાફેરી, અપહરણ જેવા અનેક ગુનામાં વોન્ટેડ છે

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે બિહારના નક્સલવાદી જૂથ સાથે જોડાયેલા એક આરોપીની દમણના જ ડાભેલ વિસ્તારમાંથી ધરપકડ કરી છે.

20 જાન્યુઆરી 26 ના રોજ દમણ જિલ્લાના વરિષ્ઠ અધિકારીને બિહારના સશસ્ત્ર સીમા દળ તરફથી વિશ્વસનીય જાણકારી મળી કે, બિહારના જમુઈ જિલ્લાના ચરકાપથર પોલીસ મથકના ચિલ્કા ખાકર ગામનો રહેવાસી મનોજ મંગરૂ હંસદા જે એક કથિત નક્સલી અને બિહાર રાજ્યમાં નોંધાયેલા અનેક કેસમાં વોન્ટેડ હોય અને જે હાલમાં દમણના ડાભેલ પોલીસ હદ વિસ્તારમાં રહેતો હોય તેવી અધિકારીક જાણકારી મળવા પામી હતી.

આ જાણકારી મળતા જ દમણ પોલીસના અધિકારીઓએ આરોપીને પકડવા ચક્રોગતિમાન કરી આરોપીને શોધી કાઢવામાં સફળતા મેળવી હતી. પોલીસે ડાભેલના નિર્મલભાઈની ચાલ, આટીયાવાડ ચાર રસ્તા પાસે આવેલા મંગલ માર્કેટની સામેથી તેની ધરપકડ કરી ડાભેલ પોલીસ મથકે લાવ્યા હતા.

જે બાદ તેની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે તે, મૂળ બિહારના જમુઈ જિલ્લાનો અને હાલમાં સુરતના સચિન રેલવે સ્ટેશન ફ્લાયઓવર પાસે રાજકુમાર યાદવની ચાલના રૂમ નંબર 31 માં રહેતો હતો.

દમણ પોલીસે જરૂરી પુછપરછ કર્યા બાદ તુરંત બિહારના જમુઈ જિલ્લાના ચરકાપથર પોલીસ સ્ટેશન તથા એસ.એસ.બી.ને જાણકારી અને તેના ફોટા અને માહિતી મોકલતા તેની પુષ્ટિ થયા બાદ બિહાર પોલીસ દમણ આવી મનોજ હાંસદાની જરૂરી કાયદાકીય પ્રક્રિયાને પૂર્ણ કરી દમણ કોર્ટમાં રજૂ કર્યો હતો.

જે બાદ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડના આધારે બિહાર પોલીસને સોંપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પકડાયેલો નક્સલી આરોપી સામે વર્ષ 2013 થી લઈને 2025 સુધીમાં હત્યા, હથિયારોની હેરાફેરી, અપહરણ સહિતના વિવિધ ગુનાઓ દેશના વિવિધ રાજ્યોમાં દાખલ થયા છે. ત્યારે નક્સલી મનોજ હાંસદા શા માટે દમણ આવ્યો હતો અને છેલ્લા ઘણા સમયથી તે સુરતમાં રહીને શું પ્લાન કરી રહ્યો હતો તે દિશામાં પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે.

પૂનમના ઘેલાણી સાથે વ્યવહારો તપાસવા CAની મદદ લેવાશે

પરિવાર ફરિયાદ કરવા નહોતો માંગતો પણ મોટા ગજાના બિલ્ડરની એન્ટ્રીથી વળાંક આવ્યો હોવાની મિત્ર વર્તુળમાં ચર્ચા

પૂનમને જેલને હવાલે કરવામાં આવી, હવે તેની બહેનની ફરી પૂછપરછ કરાશે

સુરતઃ શહેરના ચકચારી બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યા પ્રકરણમાં ઉમરા પોલીસે પૂનમ ભદોરિયાની ધરપકડ કરી તેને જેલ ભેગી કરી દીધી છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં હજુ પણ અનેક રહસ્યો અકબંધ છે. પોલીસ હવે તુષાર ઘેલાણી અને પૂનમ વચ્ચેના આર્થિક હિસાબો ઉકેલવા માટે સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની મદદ લેશે. બીજી તરફ, બિલ્ડરના મિત્ર વર્તુળમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે આ સમગ્ર કેસમાં કોઈ અન્ય મોટા ગજાના બિલ્ડરની સંડોવણીથી મામલો ઉભો થયો છે.

અનુસંધાન પાના ૫ પર

પૂનમને વરાછાના નવા બિલ્ડર સાથેની મિત્રતા ભારે પડ્યાની ચર્ચા

તુષારભાઈના મિત્ર વર્તુળમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, પરિવાર પહેલા ફરિયાદ કરવા તૈયાર નહોતો. પરંતુ તુષારભાઈના નિધન બાદ સુરતના એક જાણીતા બિલ્ડરની એન્ટ્રી થતા આખો મામલો ફરિયાદ સુધી પહોંચ્યો છે. એવી પણ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પૂનમની વરાછાના એક નવા બિલ્ડર સાથેની મિત્રતા તેને ભારે પડી છે.

ગોવર્ધન હવેલી પીપલોદમાં અન્નકૂટ દર્શન

(તસવીર : સતીષ જાદવ)

■ દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણે ઇન્દ્રનું અભિમાન તોડવા અને ગોકુળવાસીઓના રક્ષણ માટે ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઊંચક્યો હતો, ત્યારથી અન્નકૂટની પરંપરા શરૂ થઈ છે. અન્નકૂટનો અર્થ અન્નનો પર્વત થાય છે. પીપલોદની ગોવર્ધન હવેલી ખાતે અન્નના પર્વત જેવા દ્રશ્યો જોવા મળ્યા હતાં.

રમઝાન માસ શરૂ થતા જ રસદાર ફળોના હોલસેલ ભાવોમાં ધરખમ વધારો

સુરતની પૂણા કુંભારીયા મહાત્મા ગાંધી ફ્રૂટ માર્કેટમાં ત્રણ જ દિવસમાં તરબૂચ, સક્કર ટેટી, કેળા અને પાઈનેપલના ભાવો સીધા 30 થી 40% વધી ગયા

સુરત : રમઝાન માસ શરૂ થતા જ રસદાર ફળોના હોલસેલ ભાવોમાં ધરખમ વધારો થયો છે. પૂણા કુંભારીયા નજીક સુરત એપીએમસી નજીકની મહાત્મા ગાંધી ફ્રૂટ માર્કેટમાં ત્રણ જ દિવસમાં તડબૂચ, શક્કર ટેટી, કેળા અને પાઈનેપલના ભાવો સીધા 30 થી 40% વધી ગયા છે.

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખ કહે છે કે, રમઝાન માસમાં તડબૂચ, શક્કરટેટી, કેળા, સફરજન, ચીકુ અને પાઈનેપલના ભાવો વધતા હોય છે. પણ આ વર્ષે ત્રણ જ દિવસમાં ભાવો વધી ગયા છે.

રમઝાન પર્વમાં ઉપવાસને લીધે તડબૂચ, શક્કરટેટી, કેળા અને પાઈનેપલનો વપરાશ વધે છે. તડબૂચ, શક્કરટેટી શરીરને નેચરલ ફ્રૂટ વોટર આપે છે. કેળા, દૂધ આરોગવાથી શરીરને મજબૂતી મળી રહેવા સાથે પાચનક્રિયા સરળ રહે છે.

સુરતની ફ્રૂટ માર્કેટમાં તડબૂચ કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી આવે છે. શક્કર ટેટી મહારાષ્ટ્રના નંદુરબાર, સહાદા, સોલાપુર, ગુજરાતમાં કચ્છ, બોટાદમાંથી આવે છે. જ્યારે કેળા ભરૂચ, રાજપીપળા, ઝઘડિયા, વાલિયા અને સુરત જિલ્લાના ગામોમાંથી આવે છે. પાઈનેપલ કર્ણાટક અને આંધ્રપ્રદેશમાંથી આવે છે. રમઝાનમાં ડિમાન્ડ સામે સપ્લાય વધુ રહેતી હોવાથી સિઝનમાં એક મહિનો ભાવ વધુ રહે છે.

માત્ર 10 દિવસમાં લીંબુનો ભાવ 20 કિલો 300 થી 600 રૂપિયા વધી ગયો : બાબુભાઈ શેખ

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખ કહે છે કે રમઝાન માસમાં ભોજનમાં તથા શેહરી અને ઇફ્તારીમાં લીંબુ શરબતનો ઉપયોગ મહત્તમ થાય છે. એને લીધે લીંબુના ભાવો દર વર્ષે વધે છે. આ વખતે રમઝાન માસ અને ગરમીને કારણે માત્ર 10 દિવસમાં લીંબુનો ભાવ 20 કિલોએ 300 થી 600 રૂપિયા વધી ગયો છે. 10 દિવસ પહેલા સુરત એપીએમસી. માં 20 કિલો (મણ) લીંબુનો ભાવ સાઇઝ પ્રમાણે 500 થી 1000 રૂપિયા હતા. આજે 21 ફેબ્રુઆરીએ હોલસેલ ભાવ વધીને સીધો 800 થી 1600 રૂપિયા થઈ ગયો છે. છુટકમાં સારા લીંબુનો ભાવ 70 થી 80 રૂપિયા કિલો પહોંચી ગયો છે. સુરત એપીએમસી.માં લીંબુની આવક મહારાષ્ટ્રના ચાલીસ ગાવ, અમલનેર, નંદુરબાર, પાચોલા, મલકાપૂર, ઉતરન, ઔરંગાબાદમાંથી થાય છે. મોટા વેપારીઓ રમઝાનની સિઝન પૂર્વે લીંબુ ખરીદી કોલ્ડ સ્ટોરેજમાં મૂકે છે. અને સિઝન શરૂ થતા બજારમાં વેચવા માટે મૂકે છે. એ રીતે સુરત સહિત દેશમાં કોલ્ડ સ્ટોરેજના લીંબુનો વપરાશ વધી રહ્યો છે.

સુરતમાં મહાત્મા ગાંધી હોલસેલ ફ્રૂટ માર્કેટમાં માત્ર ત્રણ દિવસમાં ભાવ વધારો

ફળ	૩ દિવસ પહેલા કિલોનો ભાવ	શનિવારે ભાવ
તડબૂચ	20 થી 22	28 થી 30 રૂપિયે કિલો
શક્કર ટેટી	20 થી 25	28 થી 30 રૂપિયે કિલો
પાઈનેપલ	70 થી 80	90 થી 100 રૂપિયે કિલો
કેળા ડઝન	35 થી 40	45 થી 50 રૂપિયે

જાનૈયાઓએ નાચવા વચ્ચે મુકેલુ બેરિકેડ ખસેડ્યુ જ નહીં

સુરત દાંડી રોડ પર બેરિકેડ સાથે અથડાતા બાઈક ચાલકનું મોત

નરથાણના આધેડ સુરતમાં નોકરી પતાવી રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા

સુરત-દાંડી રોડ પર તાપીવેલી સ્કૂલના મેઈનગેટ સામેની ઘટના

સાયણઃ સુરત-દાંડી રોડ ઉપર નરથાણ ગામે તાપ્તીવેલી સ્કૂલના મેઈન ગેટની સામે રાત્રે રોડ ઉપર આડા મૂકેલા બેરીકેડ સાથે એક મોપેડ ભટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત ચાલકનું મોત થયું છે.

સુરેશભાઈ જીવતરામ આહુજા (ઉ.વ.૫૬) ઓલપાડના નરથાણ ગામે દિલ્હી પબ્લિક સ્કૂલની બાજુમાં મલબેરી હોમ્સમાં પરિવાર સાથે રહેતા હતાં. સુરેશભાઈ ગત શુક્રવારે રાત્રે નોકરી પૂર્ણ કરી સુરત- દાંડી રોડ દ્વારા તેમની મોપેડ પર પરત ફરી રહ્યા હતાં, ત્યારે નરથાણ ગામની સીમમાં મેઈન રોડને અડીને તાપ્તીવેલી સ્કૂલના મેઈન ગેટની સામે રોડની વચ્ચે આડા કરેલા બેરિકેડ નહીં

અનુસંધાન પાના ૫ પર

સીસીટીવીમાં નાચવા માટે બે જાનૈયાએ બેરિકેડ ખસેડીને રસ્તા વચ્ચે મૂક્યાનું દેખાયું

અકસ્માતની ઘટના બાદ મૃતકનો પુત્ર સની આહુજા ઘટના સ્થળે પહોંચી તાપીવેલી સ્કૂલના મેઈન ગેટની સામેના સીસી.ટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા જણાયું હતું કે, ઘટનાની સાંજે સાત વાગ્યાના સુમારે ગામમાં આવેલા જાનૈયામાંથી કોઇ બે અજાણ્યા ઈસમે રોડની સાઈડમાં પડેલી બેરિકેડને રોડ ઉપર વચ્ચે મૂકી રોડ બંધ કરી દીધો હતો.

અનુસંધાન પાના ૫ પર

અડાજણમાં નિર્માણાધીન માણિયા હોસ્પિટલની ડાયાફ્રામ દીવાલ તૂટી

ત્રણ માળના બેઝમેન્ટ તેમજ સાત માળની મંજુરી અપાઇ છે

માર્જિની જગ્યામાં 100 ટન વજનના સળિયા નંખાતા અસર થઇ હોવાનું તારણ

સુરત : અડાજણ ચાર રસ્તા નજીક ટી.પી. 31 એફપી-30ના 800 વારના પ્લોટ પર નિર્માણાધીન માણિયા હોસ્પિટલના પ્રોજેક્ટમાં રોડ સાઈડની ડાયાફ્રામ દિવાલ તૂટી પડવાની ઘટના સામે આવી છે. થોડા દિવસ અગાઉ ભીમરાડ વિસ્તારમાં શિવ રેસીડેન્સીની નજીક વિવાન પ્રોજેક્ટમાં પણ ડાયાફ્રામ દિવાલ ધરાશાયી થવાની ઘટના બાદ આ બનાવે વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો હતો.

માણિયા હોસ્પિટલને ત્રણ ફ્લોર સુધી બેઝમેન્ટ અને સાત માળની મંજૂરી અપાઈ છે. હાલમાં બે માળની ડાયાફ્રામ દિવાલનું કામ ચાલી રહ્યું હતું, જેમાં અંદાજે 10 મીટર લંબાઈમાં અને 4 મીટર ઊંચાઈની દિવાલ અચાનક તૂટી પડી હતી. પ્રાથમિક માહિતી મુજબ બે દિવસ પહેલાં પડેલા વરસાદ તેમજ માર્જિન જગ્યામાં 100 ટનથી વધુ વજનના સળિયા મૂકવામાં આવ્યા હોવાથી દિવાલ પર વધારાનો ભાર પડ્યો હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ નથી. જો કે, બનાવ પાછળ સાઇટ મેનેજમેન્ટમાં ગંભીર ગરબડ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. ઘટના બાદ તાત્કાલિક પુરાણ કરી જોખમ દૂર કરવામાં

અનુસંધાન પાના ૫ પર

શંકાસ્પદ રોગચાળામાં ૧ વર્ષના બાળક સહિત બેનાં મોત

સુરતઃ સુરત શહેર અને આસપાસના વિસ્તારમાં રોગચાળાની અસર જોવા મળી રહી હોવાની શંકા વચ્ચે બે અલગ-અલગ બનાવોમાં બે વ્યક્તિના મોત થતા ચિંતા વ્યાપી છે. ખાસ કરીને ૧૫ દિવસથી ખાંસી અને ઊલટીની તકલીફ ભોગવી રહેલા એક વર્ષના બાળકીના મોતે પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સચીન વિસ્તારની સંગમ સોસાયટીમાં રહેતા સચીન પવાર મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના બે સંતાનોમાં એક વર્ષનો મીત છેલ્લા ૧૫ દિવસથી ખાંસી અને ઊલટીની તકલીફથી પીડાઈ રહ્યો હતો. પરિવાર દ્વારા સ્થાનિક દવાખાનામાં સારવાર લેવામાં આવી હતી, પરંતુ તબિયતમાં સુધારો ન આવતા શનિવારે સાંજે સ્થિતિ ગંભીર બની હતી. મીતને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો

અનુસંધાન પાના ૫ પર

॥ બેસણું ॥

દિલગીરી સાથે જણાવવાનું કે સ્વ. કાંતિભાઈ વનમાળીભાઈ ચૌહાણ નો સ્વર્ગવાસ તારીખ ૧૯-૦૨-૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૮:૨૦ મે વયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

બેસણું: બેસણું ૨૩-૦૨-૨૦૨૬, સોમવાર ના રોજ બપોરે ૦૩:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી રાખેલ છે.

લિ. ઇન્દુબેન કાંતિભાઈ ચૌહાણ-ગંગા સ્વરૂપ - +૧૯૬૩૫૨૩૪૦૦૩૫
વૈશાલી વિજયકુમાર પરમાર - +૪૪૦૮૭૦૩૨૬૧૩૯
વિજયકુમાર કાંતિલાલ પરમાર - +૪૪૭૭૨૨૩૬૮૬૫૫
હેતલ રશ્મિકાંત લીલાપુરવાળા - +૪૪૭૫૪૪૮૨૯૫૫૪
રશ્મિકાંત મોહનભાઇ લીલાપુરવાળા - +૪૪૭૯૯૩૮૬૭૯૮૬૪
ધીર્મિ પરેશકુમાર ચૌહાણ (મીતા) - +૯૭૮૮૬૨૩૪૮૮
પરેશકુમાર શાંતિલાલ ચૌહાણ - +૯૭૯૯૯૨૨૪૧૩

સ્થળ : રામજી મંદિર, મંદિર ફળિયું, સ્ટેટ બેંકની સામે, મદી.

સ્વ. કાંતિભાઈ વનમાળીભાઈ ચૌહાણ
તા. ૧૯-૦૨-૨૦૨૬, ગુરુવાર, સુદ ત્રીજ
(ઉ.વર્ષ. ૭૮) (ગામ. મદી)

હાર્દિક શ્રધ્ધાંજલિ

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મિઠી વાણી હંમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ, આપની યાદ અમારી સાથે સદાય રહેશે. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના

લિ. રાજુભાઈ હીરાભાઈ કોન્ટ્રાક્ટર(જમાઈ)
અનિતાબેન રાજુભાઈ કોન્ટ્રાક્ટર(પુત્રી)
અતુલભાઈ નરસિંહભાઈ પટેલ(જમાઈ)
હેતલબેન અતુલભાઈ પટેલ(પુત્રી)
વિનયભાઈ રાજુભાઈ કોન્ટ્રાક્ટર
નવની વિનયભાઈ કોન્ટ્રાક્ટર
રોહન અતુલભાઈ પટેલ
હની રોહન પટેલ
ખ્યાતી, કીર્તી, ખુશ્બુ તથા સમસ્ત પરિવાર

સ્વ. લક્ષ્મીબેન મગનભાઈ પટેલ
સ્વ.તા: ૧૯-૦૨-૨૦૨૬

શ્રદ્ધાંજલિ

સ્વ. ભાનુબેન જયંતિભાઈ પટેલ
સ્વ.તા. ૨૧-૦૨-૨૦૨૬

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી, જે નાશ પામે છે તે શરીર છે, આત્મા આજીવન શાશ્વત અને અમર છે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

લિ.
બાબુભાઈ ભાણાભાઈ પટેલ
જયંતિભાઈ(મંગુભાઈ) ભાણાભાઈ પટેલ
રાકેશભાઈ બાબુભાઈ પટેલ
સંજયભાઈ બાબુભાઈ પટેલ
મયુરભાઈ બાબુભાઈ પટેલ
તેજસ જયંતિભાઈ પટેલ
કૃણાલ કિશોરભાઈ પટેલ(જમાઈ)
રમીલાબેન બાબુભાઈ પટેલ
સંગીતાબેન જયંતિભાઈ પટેલ
પ્રેરણા રાકેશભાઈ પટેલ
અંકિતા સંજયભાઈ પટેલ
કૃતિકા મયુરભાઈ પટેલ
કેલી તેજસભાઈ પટેલ
મિતાલી કૃણાલભાઈ પટેલ
તનીશા, ફેની, લીસા, આર્નવ, મિહાન, જિયાના
૪૬,૪૭, રવિનગર સોસાયટી, અલથાણ, સુરત.

॥ દુઃખદ અવસાન/બેસણું ॥

T & TV નાનપુરા હાઈસ્કૂલના માજી PT શિક્ષક, દક્ષિણ ગુજરાત બ્રહ્મ સમાજના સ્થાપક ઔદિચ્ય સેવા સમાજ સંદેરના પ્રમુખ શ્રી જયંતભાઈ શુકલનું તા.૨૨ મીને રવિવારે ૮૧ વર્ષની જૈફ વયે અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તેમના નિવાસ એસ.કે. પાર્ક, ઉમરા કોમ્યુનિટી હોલ સામે, ઈચ્છાનાથ નજીક સોમવારને તા.૨૩/૦૨/૨૦૨૬ ના દિવસે સાંજે ૪ થી ૬ કલાકે રાખવામાં આવ્યું છે.

લિ.
અમિતા જયોતિન્દ્ર ભટ્ટ
જયોતિન્દ્ર કાંતિલાલ ભટ્ટ
જનેશ ભાલચંદ્ર શુકલ
પારસ ભરતભાઈ શુકલ
નિહાર જનેશભાઈ શુકલ
ઋષિ જયોતિન્દ્ર ભટ્ટ
હેમલ પરમાનંદ ભટ્ટ
નંદની જયોતિરભાઈ ભટ્ટ

સ્વ.જયંતભાઈ શુકલ
સ્વ.તા. ૨૨/૦૨/૨૦૨૬
(ઉ.વ.૮૧)

રાજપુત અવસાન-સંયુક્ત બેસણું

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પુત્રશ્રી/પિતાશ્રી/ભાઈશ્રી અજીતસિંહ દોલતસિંહ મહિડા રવિવાર તા. ૨૨.૦૨.૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સદ્‌ગતનું સંયુક્ત બેસણું
તા. ૦૧.૦૩.૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાન પરીઆ મુકામે રાખેલ છે.
નોંધ : લૌકિક રિવાજ બંધ છે.

સ્વ. અજીતસિંહ દોલતસિંહ મહિડા
સ્વ. તા. ૨૨.૦૨.૨૦૨૬

શ્વસુર પક્ષ
સ્વ. રણજીતસિંહ ખુમાનસિંહ ઘરિયા
સ્વ. જયેન્દ્રસિંહ ખુમાનસિંહ ઘરિયા
દિલીપસિંહ રણજીતસિંહ ઘરિયા
મુ.પો. સોડગામ, તા. વાલીયા, જી. ભરૂચ

લિ.
દોલતસિંહ ગણપતસિંહ મહિડા
રણજીતસિંહ બહાદુરસિંહ મહિડા
મયુરધ્વજસિંહ અજીતસિંહ મહિડા
કિષ્ણપાલસિંહ અજીતસિંહ મહિડા

નિવાસસ્થાન : મુ.પો. પરીઆ, ટીલાત ફળીયુ, તા. ઓલપાડ, જી. સુરત. મો. ૯૮૯૮૦ ૮૩૨૧૯

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦